દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

ગુરુવાર ૪ જૂન, ૨૦૨૬

# દિલ્હીની આગે નફ્ફટ સરકારી તંત્રની ગુનાહિત બેદરકારી ઉઘાડી પાડી દીધી છે!

ભારત એવો દેશ છે કે જ્યાં ઘટના બની જાય પછી પગલાઓ લેવામાં આવે છે. ખરેખર ઘટના ના બને તે માટે પહેલેથી આયોજનો કરવા જોઈએ. બુધવારે તા.3જી જુન,2026ના રોજ દિલ્હીના માલવીય નગરમાં હોટલમાં લાગેલી આગે અનેક પ્રશ્નો ઉભા કરી દીધા છે. હોટલની આગ એ ઘટના છે પરંતુ આ ઘટનાએ સરકારી તંત્રની કામગીરીની પોલ ખોલી નાખી છે. દિલ્હીમાં જે આગ લાગી તે કોઈપણ કોમર્શિયલ બિલ્ડિંગ કે હોટલ જ્યારે રહેણાંક અથવા ગીચ વસ્તીવાળા વિસ્તારમાં શરૂ થાય છે, ત્યારે સ્થાનિક મ્યુનિસિપલ કોર્પોરેશન, વીજ કંપની અને ફાયર વિભાગની નજર તેના પર કેમ નથી પડી? આ છ માળની હોટલમાં બેઝમેન્ટમાં રેસ્ટોરાં ચાલતી હતી અને ત્યાં ફાટી નીકળેલી આગ ઉપર હોટલ સુધી પહોંચી અને પળવારમાં 21 લોકો ભડથું થઈ ગયા. મરનારાઓમાં લગભગ તમામ વિદેશી છે. આ હોટલ પાસે ફાયર સેફ્ટીનું કોઈ જ એનઓસી નહોતું. પરવાનગી માત્ર 6 રૂમની હતી અને તેને બદલે ગેરકાયદેસર તેમાં 25 રૂમ બનાવી દેવામાં આવ્યા હતા. આ તમામ આંકડાઓ દર્શાવે છે કે લાલચ અને ભ્રષ્ટાચારના પાયા પર ઊભી થયેલી આ ઈમારતો નાગરિકો માટે ડેથ ટ્રેપ (મૃત્યુનો કૂવો) સાબિત થઈ છે.

ભારતમાં આગ લાગીને સામુહિક મોતની આ ઘટના એક જ નથી. ભૂતકાળમાં પશ્ચિમ બંગાળના કોલકાત્તામાં રિતુરાજ હોટલમાં રાત્રે અચાનક આગ લાગી હતી અને 14 વ્યક્તિઓના મોત થયા હતા. મોતનું કારણ એ હતું કે આગનો ધુમાડો દાદર સુધી પહોંચી ગયો અને લોકો ગુંગળામણથી મોતને ભેટ્યા. તપાસ કરવામાં આવી તો ખબર પડી કે હોટલની ફાયર સેપ્રેશન સિસ્ટમ (આગ બુઝાવવાની વ્યવસ્થા) સંપૂર્ણપણે બંધ હતી અને સુરક્ષા નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. આવી જ રીતે દિલ્હીના કરોલબાગમાં આવેલી હોટલ અર્પિત પેલેસમાં પણ ૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ વહેલી સવારે 4 વાગે આગ લાગી હતી, જ્યારે તમામ મુસાફરો ઊંઘી રહ્યા હતા. જીવ બચાવવા માટે એક મહિલા અને બાળકે ધાબા પરથી કૂદકો માર્યો હતો, જેમાં તેમનું મોત નીપજ્યું હતું. હોટલમાં આગ લાગવાનું કારણ એ હતું કે હોટલના ટોપ ફ્લોર પર ગેરકાયદેસર કિચન અને ફાઇબર રૂફિંગ કરવામાં આવ્યું હતું. આંતરિક ભાગમાં લાકડાનું ફર્નિચર હોવાથી આગ ઝડપથી ફેલાઈ હતી અને ઇમરજન્સી એક્ઝિટ સાંકડી હોવાથી લોકો ફસાઈ ગયા હતા. આવી જ રીતે લખનૌમાં તા.19મી જુન, 2018માં પણ હોટલના બેઝમેન્ટમાં શોર્ટસર્કિટને કારણે આગ લાગી હતી અને આગ એટલી વિકરાળ બની હતી કે બાજુની હોટલમાં પણ ફેલાઈ હતી. જેને કારણે પાંચ લોકોના મોત થયા હતા. બિહારના પટનામાં પણ તા.25મી એપ્રિલ, 2024ના રોજ એક રેસ્ટોરન્ટમાં સિલિન્ડર બ્લાસ્ટ થતાં 6 લોકોના મોત થયા હતા. આગ બાજુની હોટલમાં ફેલાતા ગ્રાહકોએ બારીમાંથી કૂદીને જીવ બચાવવો પડ્યો હતો.

આ તમામ ઘટનાઓમાં હોટલ માલિક કે સંચાલકોની સાથે સરકારી તંત્રની પણ ગુનાહિત બેદરકારી જવાબદાર હતી. દિલ્હીની હોટલની આગની ઘટનામાં હોટલમાં ૬ રૂમની જગ્યાએ ૨૫ રૂમ બની જાય ત્યાં સુધી વહીવટી તંત્ર ઊંઘતું ઝડપાય તે ગળે ઉતરે તેવી વાત નથી.

આ સ્પષ્ટપણે સરકારી અધિકારીઓ અને ગેરકાયદે બાંધકામ કરનારાઓ વચ્ચેના મિલિભગત તરફ આંગળી ચીંધે છે. નિયમો માત્ર કાગળ પર શોભે છે અને વાસ્તવિકતામાં લાંચના જોરે ગમે તેવા ભયજનક બાંધકામોને પણ લીલી ઝંડી મળી જાય છે. જ્યારે પણ આવી દુર્ઘટના બને છે, ત્યારે તંત્ર થોડા દિવસો માટે સફાળું જાગે છે, તપાસ સમિતિઓ બેસાડાય છે, વળતરની જાહેરાતો થાય છે અને પછી બધું ‘જૈસે થે’ થઈ જાય છે. દિલ્હીની આગની ઘટનામાં એક જ પરિવારના 8 સભ્યો જીવતા ભુંજાઈ ગયા છે. તો બાંગ્લાદેશ અને આફ્રિકન દેશના પ્રવાસીઓએ પણ જીવ ગુમાવ્યા છે. વિદેશી પ્રવાસીઓના મોતને કારણે ભારતની આંતરરાષ્ટ્રીય સ્તરે પણ છબી ખરડાઈ છે. સામાન્ય રીતે આવી ઘટનાઓ પછી હોટલના મેનેજર કે માલિકની ધરપકડ કરીને મામલો થાળે પાડી દેવામાં આવે છે. પરંતુ અસલી ગુનેગાર એ સિસ્ટમ છે જેણે આ ગેરકાયદે પ્રવૃત્તિને વર્ષો સુધી ફૂલવા-ફાલવા દીધી. જે અધિકારીઓની જવાબદારી આ વિસ્તારમાં નિયમિત ચેકિંગ કરવાની હતી, તેમની સામે સાદો હોદ્દા પરથી સસ્પેન્શનનો આદેશ પૂરતો નથી. તેમના પર પણ સાપરાધ મનુષ્યવધનો ગુનો દાખલ થવો જોઈએ. જ્યાં સુધી કાયદાનો અમલ કરાવનારાઓને જવાબદાર ઠેરવવામાં નહીં આવે, ત્યાં સુધી આવી હોનારતો અટકવાની નથી.

હવે સમય માત્ર શોક વ્યક્ત કરવાનો કે વળતર જાહેર કરવાનો નથી. પ્રધાનમંત્રીએ દુ:ખ વ્યક્ત કર્યું છે, પરંતુ કેન્દ્ર અને રાજ્ય સરકારે સંયુક્ત રીતે યુદ્ધના ધોરણે પગલાં લેવાની જરૂર છે: દિલ્હી સહિત દેશના તમામ મોટા શહેરોમાં ગીચ વિસ્તારોમાં ચાલતી હોટલો, ગેસ્ટ હાઉસ અને રેસ્ટોરન્ટ્સનું તાત્કાલિક સુરક્ષા ઓડિટ (Safety Audit) થવું જોઈએ. કઈ બિલ્ડિંગ પાસે ફાયર NOC છે અને કોની મુદત પૂરી થઈ ગઈ છે, તેનું લાઈવ પબ્લિક પોર્ટલ હોવું જોઈએ જેથી નાગરિકો પોતે જ જાણી શકે કે તેઓ જ્યાં રોકાઈ રહ્યા છે તે સ્થળ સુરક્ષિત છે કે નહીં. ફાયર સેફ્ટીના નિયમોનું ઉલ્લંઘન કરનારી મિલકતોને નોટિસ આપવાના નાટક વગર સીધી સીલ મારવાની કડક કાર્યવાહી થવી જોઈએ. દિલ્હીનો આ અગ્નિકાંડ આપણા માટે છેલ્લી ચેતવણી સમાન હોવો જોઈએ. કાગળ પરના નિયમો જો માણસનો જીવ ન બચાવી શકતા હોય, તો તે નિયમો નકામા છે. જો આપણે હજી પણ ન જાગ્યા અને ભ્રષ્ટાચારીઓ સામે કડક આકરા પગલાં ન લીધા, તો આગામી સમયમાં આવી વધુ બિલ્ડિંગો નિર્દોષ નાગરિકો માટે સ્મશાન સાબિત થશે. સરકારે હવે કાગળિયાથી બહાર આવીને જમીની સ્તરે સુરક્ષા સુનિશ્ચિત કરવી જ પડશે. જો તેમ થશે તો જ હોટલો સુરક્ષિત થશે, અન્યથા નિર્દોષ લોકો મોતને ભેટતાં જ રહેશે તે નક્કી છે.

# ભારતીય કૃષિમાં પરિવર્તન: શું હાલના તબક્કે સંપૂર્ણ કુદરતી ખેતી તરફ પ્રયાણ શક્ય છે?

## ઈકો-નોમિક્સ

ડૉ.જયનારાયણ વ્યાસ

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં કહ્યું કે, પાછલાં કેટલાંક વર્ષોમાં દુનિયા સતત અસ્થિર પરિસ્થિતિમાંથી પસાર થઈ રહી છે. પહેલાં કોરોનાનું સંકટ, પછી વૈશ્વિક આર્થિક પડકારો અને હવે પશ્ચિમ એશિયામાં વધતો તણાવ. આ બધી પરિસ્થિતિઓની અસર સતત સમગ્ર દુનિયા પર પડી રહી છે અને ભારત પણ તેમાંથી બાકાત નથી. પશ્ચિમ એશિયાનો વધતો તણાવ આ દાયકાનાં મોટાં સંકટોમાંથી એક છે. વડા પ્રધાન મોદીએ દેશવાસીને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધના સંકટ વચ્ચે પેટ્રોલ-ડીઝલનો સંયમિત વપરાશ કરવા સાથે ખેતીમાં પણ સ્વદેશી ખાતરને વધારવા અને ડીઝલ પંપની જગ્યાએ સોલર પંપનો ઉપયોગ વધારવા પર ભાર મૂક્યો હતો અને ખેડૂતોને કેમિકલયુક્ત ખાતરના વપરાશને બદલે કુદરતી ખેતી કરવા પર અપીલ કરી હતી. પ્રશ્ન એ છે કે શું હાલની પરિસ્થિતિમાં ખાતરનો ઓછો વપરાશ કે પ્રાકૃતિક ખેતી વ્યાવહારિક છે?

કુદરતી ખેતીના વ્યાવહારિક પડકારો અને તેનાં સામાજિક-આર્થિક પરિણામો

રાસાયણિકમુક્ત, કુદરતી કે ૧૦૦% ઓર્ગેનિક ખેતી અપનાવવાનો વિચાર પર્યાવરણ અને સ્વાસ્થ્યની દૃષ્ટિએ ખૂબ જ ઉત્તમ અને આવકાર્ય છે. જો કે, કોઈ યોગ્ય આયોજન વિના તેને એકાએક અને વ્યાપક સ્તરે લાગુ કરવાથી ગંભીર વ્યાવહારિક પડકારો અને ભયાનક પરિણામો આવી શકે છે:

ઉત્પાદનમાં પ્રારંભિક ઘટાડો અને અન્ન સુરક્ષા પર જોખમ: વૈશ્વિક અને સ્થાનિક પ્રયોગો દર્શાવે છે કે રાસાયણિક ખાતરોનો એકાએક ત્યાગ કરવાથી શરૂઆતનાં વર્ષોમાં એકર દીઠ ઉત્પાદનમાં ૨૦% થી ૫૦% સુધીનો મોટો ઘટાડો નોંધાય છે. ૧૪૦ કરોડથી વધુની વસ્તી ધરાવતા ભારત માટે આવો ઘટાડો રાષ્ટ્રીય અન્ન સુરક્ષા સામે મોટો પ્રશ્નાર્થ ચિહ્ન ઊભો કરી શકે છે.

આયાતનો અશક્ય વિકલ્પ: ઉત્પાદન ઘટવાના સંજોગોમાં વિદેશથી અનાજ આયાત કરવું વ્યાવહારિક રીતે અશક્ય છે. અબજો ટન અનાજ ખરીદવામાં દેશનું કિંમતી વિદેશી હૂંડિયામણ ખાલી થઈ જાય. ઉપરાંત, બંદરો પરથી દેશના છેવાડાના વિસ્તારો સુધી આટલો મોટો જથ્થો સમયસર પહોંચાડવા માટે આપણી લોજિસ્ટિક્સ અને રેલવે-રોડ નેટવર્કની ક્ષમતા ટૂંકી પડે.

ખેડૂતોની આર્થિક તબાહી: ભારતમાં ૮૫%થી વધુ ખેડૂતો નાના અને સીમાંત છે, જેમની પાસે ૨ હેક્ટરથી પણ ઓછી જમીન છે. અત્યારે જ નાનાં ખેતરોના કદને કારણે ખેડૂત માંડ માંડ ગુજરાન ચલાવે છે. જો કોઈ કારણસર તેના ખેતરનું ઉત્પાદન અડધું થઈ જાય તો ખેતી બિલકુલ બિન-વ્યવહારુ બની જશે અને પાકની પડતર કિંમત પણ વસૂલ નહીં થાય. પરિણામે, ખેડૂત વ્યાજખોરો અને બેંકોનાં દેવાના ડુંગર નીચે દબાઈ જશે, જે તેને આત્મહત્યા જેવાં આત્યંતિક પગલાં તરફ ધકેલી શકે છે.

ખેતીથી વિમુખતા અને મહા-પલાયન: ખેતી સંપૂર્ણપણે ખોટનો ધંધો બનતાં નવી પેઢી કે વર્તમાન ખેડૂતો મજબૂર થઈને ખેતી છોડી દેશે. તેઓ આજીવિકા માટે શહેરો તરફ દોડશે, જેના લીધે શહેરોમાં ઝૂંપડપટ્ટી, બેરોજગારી અને સામાજિક અસમાનતાનું મોટું સંકટ સર્જાશે. ભૂખમરો અને અરાજકતા: જો દેશનો અન્નદાતા જ ખેતીથી દૂર થઈ જશે, તો ભારત ફરી ૧૯૬૦ના દાયકા જેવી ભયંકર અન્ન કટોકટીમાં ધકેલાશે. અન્નની તીવ્ર અછતને કારણે દેશમાં આંતરિક રમખાણો, અનાજની લૂંટફાટ, ભૂખમરો અને કાયદો-વ્યવસ્થાની સંપૂર્ણ તબાહી સર્જાઈ શકે છે.

દેશના અર્થતંત્રમાં કૃષિ ક્ષેત્રનું વ્યૂહાત્મક મહત્ત્વ:

ભારત ભલે આઈટી (IT), સ્પેસ ટેકનોલોજી કે મેન્યુફેક્ચરિંગમાં ગમે તેટલી પ્રગતિ કરે, પરંતુ દેશના અર્થતંત્રની સાચી કરોડરજ્જુ આજે પણ ખેતી જ છે. કૃષિ ક્ષેત્ર નીચેના ચાર મુખ્ય સ્તંભો દ્વારા દેશને જીવંત અને સુરક્ષિત રાખે છે:

અન્ન સ્વાવલંબન (Food Security): ખેતી દેશની ૧૪૦ કરોડથી વધુની વસ્તીને કોઈ વિદેશી તાકાત સામે હાથ ફેલાવ્યા વગર દેશમાં જ ગુણવત્તાયુક્ત અન્ન પૂરું પાડે છે, જે દેશની આંતરિક સુરક્ષા અને રાષ્ટ્રીય સાર્વભૌમત્વનો પાયો છે.

**વડા પ્રધાન મોદીએ દેશવાસીને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધના સંકટ વચ્ચે પેટ્રોલ-ડીઝલનો સંયમિત વપરાશ કરવા સાથે ખેતીમાં પણ સ્વદેશી ખાતરને વધારવા અને ડીઝલ પંપની જગ્યાએ સોલર પંપનો ઉપયોગ વધારવા પર ભાર મૂક્યો હતો અને ખેડૂતોને કેમિકલયુક્ત ખાતરના વપરાશને બદલે કુદરતી ખેતી કરવા પર અપીલ કરી હતી**

રોજગારીનો સૌથી મોટો સ્રોત: ભારતની પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે લગભગ ૫૦% વસ્તી આજે પણ પોતાની આજીવિકા અને રોજગારી માટે ખેતી તથા પશુપાલન પર જ નિર્ભર છે. ઉદ્યોગો માટે કાચો માલ: દેશના અગ્રણી ઉદ્યોગો જેવા કે ટેક્સટાઈલ્સ (કપાસ), ખાંડ ઉદ્યોગ (શેરડી), ફુડ પ્રોસેસિંગ, પેકેજિંગ અને ફાર્માસ્યુટિકલ આયુર્વેદ ઉદ્યોગોને જરૂરી કાચો માલ ખેતીમાંથી જ મળે છે. જો ખેતી ઠપ થાય તો આ ઉદ્યોગો પણ બંધ થઈ જાય. ગ્રામીણ બજાર વ્યવસ્થા: ભારતનું અડધું માર્કેટ ગ્રામીણ વિસ્તારોમાં વસે છે. કૃષિ દ્વારા પેદા થતી આવક ગ્રામીણ ભારતનાં લોકોની ખરીદશક્તિ (Purchasing Power) વધારે છે. જ્યારે ખેડૂત પાસે પૈસા આવે છે, ત્યારે જ દેશના FMCG, ઓટોમોબાઈલ (ટ્રેક્ટર, બાઈક) અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ (ટી.વી., ફ્રીઝ) ઉદ્યોગોનાં પૈંડાં ગતિમાન રહે છે. ટૂંકમાં, ગ્રામીણ અર્થતંત્ર જ ભારતીય જીડીપીનું અસલી એન્જિન છે. આજે ભારત અન્ન ઉત્પાદનમાં ભલે મોખરે હોય, પરંતુ અન્નદાતા ખેડૂતની આર્થિક સ્થિતિ હજુ પણ ચિંતાજનક છે. બજારમાં મોંઘાં મળતાં બિયારણ, ડીઝલ, ખાતર, અને મજૂરીના વધતા ખર્ચ સામે કમોસમી વરસાદ અને વાવાઝોડા જેવા હવામાનનાં જોખમો સતત રહે છે. આ બધાની સામે પાક તૈયાર થયા પછી બજારમાં યોગ્ય અને પોષણક્ષમ ભાવ ન મળવાને કારણે આજે પણ નાના ખેડૂતોને ખેતી આર્થિક રીતે પરવડતી નથી.

વર્તમાન વૈશ્વિક ભૂ-રાજકીય અસ્થિરતા (જેમ કે યુદ્ધ અને સપ્લાય ચેઈનના અવરોધો)ના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ખાતર અને ક્રુડ ઓઈલના ભાવ સતત બદલાતા રહે છે, જે ભારતની ઊર્જા અને કૃષિ-સુરક્ષા માટે મોટો પડકાર છે. આવી પરિસ્થિતિમાં ભારત માટે કુદરતી ખેતી તરફ આગળ વધવું અનિવાર્ય છે, પરંતુ તે અતિશય ઉતાવળને બદલે તબક્કાવાર અને વૈજ્ઞાનિક અભિગમ સાથે થવું જોઈએ. જો જમીનનું સ્વાસ્થ્ય સુધારવાની સાથે-સાથે આધુનિક ટેકનોલોજી દ્વારા પાકની ઉત્પાદકતા જાળવી રાખવામાં આવે, તો જ ભારત અન્ન બાબતમાં સ્વનિર્ભર રહીને વૈશ્વિક મંચ પર આર્થિક મહાસત્તા તરીકે મજબૂતીથી ઉભરી શકશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.


## મોટાનો હાથ પકડી રાખો

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક ગામમાં મેળો ભરાયો હતો. ઘરમાં બધાં છોકરાંઓ મેળામાં જવાની જીદ કરી રહ્યાં હતાં. સયુંકત પરિવાર હતો. ઘરમાં જ નાનાં મોટાં સાત બાળકો હતાં અને વળી બીજાં તેમનાં મિત્રો કુલ ૧૫ બાળકોની ટોળી હતી. બધાં બાળકો મેળામાં જવા ઉત્સાહિત હતાં પણ સાથે કોઈ મોટાએ જવું જરૂરી હતું અને આટલાં બાળકોને મેળાની ગરદીમાં કોઈ એક કે બે જણ તો સાચવી ન શકે એટલે ચાર મોટાં દંપતી બાળકોની સાથે જાય તેમ નક્કી થયું.

કોણ કોણ મેળામાં જશે, શું પહેરશે, મેળામાં શું શું ખાઈશું ,શું ખરીદીશું, કઈ રમતો રમીશું, ચકડોળમાં બેસીશું વગેરે ઘણી ચર્ચા ચાલી.આઠ મોટાં અને ૧૫ બાળકો હતાં એટલે બધાએ બે બાળકોનું ધ્યાન રાખવાનું તે પણ નક્કી થઈ ગયું કે કોણે કોનો હાથ પકડીને રાખવાનો. ઘરનાં બધાંએ બાળકોને ખાસ કહ્યું કે ‘તમને જેનો હાથ પકડીને રાખવાનું કહ્યું છે તેનો હાથ છોડતાં નહિ. જો મેળાની ગરદીમાં હાથ છોડશો અને ખોવાઈ જશો તો બહુ અઘરું પડશે. મેળામાં હાથ પકડીને ફરશો તો મેળાની એક એક વસ્તુની મજા આવશે અને મેળાનો આનંદ લઇ શકશો પણ જો મોટાનો હાથ છોડી દેશો તો ગરદીવાળો મેળો અજાણ્યાઓથી ભરેલો અને ડરામણો લાગવા મંડશે સમજયા.....એટલે મોટાનો હાથ પકડી રાખજો.’ આટલી બધી ચર્ચા અને તૈયારી એક મેળાની મુલાકાત માટે...ત્યારે જીવનમેળાનું શું? આ જીવન એક મનપાંચમનો મેળો જ છે. બધાને મેળામાં મ્હાલવું છે પણ મેળાની મજા ત્યારે જ છે જયારે આપણે મોટાનો હાથ પકડી રાખ્યો હોય. એટલે જીવનમાં જે તમારી સતત ચિંતા કરે છે,તમારી કાળજી કરે છે તેનો હાથ પકડી રાખો,સાથ ક્યારેય ન છોડો.જે તમારુ ભલું ચાહે છે તેનાથી દૂર ક્યારેય ન જાવ.જે તમારા ભવિષ્યની ચિંતાને કારણે આજે તમને સમજાવે છે કે ખીજાય છે તો ખરાબ ન લગાડો, બધું સાંભળી લો પણ ક્યારેય હાથ ન છોડો.યાદ રાખજો, આ દુનિયાનો મેળો મોટા સાથે છે તો સુંદર છે પણ જો હાથ છોડી એકલા પડો તો એટલો જ ખતરનાક છે માટે ક્યારેય મોટા વડીલો, સ્વજનો ,હિતેચ્છુઓનો હાથ ન છોડો.



સૌથી વધુ મહત્ત્વનું છે તો આ જીવનમેળાનો આનંદ સતત લેતા રહો... મોજ માણતાં રહો... પણ આ જીવનમેળાના રંગોમાં ખોવાઈ જઈને જીવનના સર્જનહારને ક્યારેય ન ભૂલો.

# હા, વ્હેલને એના કાનૂની હક આપવાનો પ્રસ્તાવ

## ફીર દેખો યારોં

બીરેન કોઠારી

આપણા જેવા દેશમાં મૂળભૂત માનવ અધિકારો બાબતે ખાસ સભાનતા ન હોય અને તેનું છડેચોક ઉલ્લંઘન પણ સતત થતું રહેતું હોય એટલે આપણને નવાઈ લાગવાની સાથોસાથ વિચિત્ર પણ જણાય એવી વાત છે. ન્યૂઝીલેન્ડની ગ્રીન પાર્ટીના એક સાંસદે એક વિશિષ્ટ પ્રકારના ખરડાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે. આ દેશ ચોફેર પેસિફિક મહાસાગરથી ઘેરાયેલો છે, જેમાં અનેકવિધ પ્રકારની વ્હેલ હોય છે. ટીનાઉ ટુયુનો નામના સાંસદ આ વ્હેલના રક્ષણાર્થે યોગ્ય પગલાં લેવા ઈચ્છે છે અને આ માટે તેમણે વ્હેલને કાનૂની હક આપતા ખરડાનો પ્રસ્તાવ મૂક્યો છે. એનો અર્થ એ થયો કે ન્યૂઝીલેન્ડ ફરતેના દરિયામાં આવેલી વ્હેલ હવે કેવળ માનવોપયોગી નૈસર્ગિક સ્રોત નહીં રહે, બલકે કાનૂની હક ધરાવતી પ્રજાતિ બની રહેશે.

આ પ્રસિદ્ધિ ખાટવા માટેનું કોઈ ગતકડું હોય એમ લાગતું નથી, કેમ કે, ન્યૂઝીલેન્ડ આસપાસ બાવીસ ટકા વ્હેલ તેમજ અન્ય દરિયાઈ જીવો લુપ્ત થવાને આરે છે. આથી આ ખરડો સહુની સંમતિથી કાયદો બને તો બેફામ માછીમારી, પ્રદૂષણ તેમજ અન્ય માનવીય ગતિવિધિઓ પર નિયંત્રણ લાગે.

માનવજાત એટલી હદે સ્વાર્થી છે કે કુદરતની દરેક ચીજોને તે પોતાના ઉપયોગની દૃષ્ટિએ જ જોતી આવી છે. પોતાને ખપમાં ન લાગે એવી દરેક વસ્તુ તેને મન નકામી છે. હકીકતે કુદરતમાં એકે એક વસ્તુનું આગવું પ્રયોજન છે અને તેની પોતાની એક ભૂમિકા છે અને તેને કારણે એ સૌ વચ્ચે એક પ્રકારે જૈવસંતુલન છે. વ્હેલ પણ આમાંથી શી રીતે બાકાત હોઈ શકે? આર્થિક તેમજ વૈજ્ઞાનિક ઉપયોગ ઉપરાંત પણ કુદરતી રીતે તેનું આગવું મૂલ્ય છે. પેસિફિક મહાસાગરની જૈવપ્રણાલીનું સ્વાસ્થ્ય અને સંતુલન જાળવવામાં તેની મહત્ત્વની ભૂમિકા છે. આ હેતુને લક્ષમાં રાખીને પ્રસ્તુત ખરડામાં વ્હેલના કેટલાક ‘મૂળભૂત હકો’ નોંધવામાં આવ્યા છે. કેવા છે વ્હેલના હકો? હિલચાલ અને સ્થળાંતરની આઝાદીનો હક. સ્વસ્થ પર્યાવરણનો હક, જેને કારણે તેમની પ્રજાતિ નૈસર્ગિક અને અપ્રદૂષિત પર્યાવરણમાં પાંગરી શકે. તેમના આવાસ અને પર્યાવરણપ્રણાલી સાથે છેડછાડ કરવામાં આવે તો તેમના પુનઃસ્થાપનનો અને નવજીવનનો અધિકાર. આ બધા ઉપરાંત તેમની નૈસર્ગિક વર્તણૂક અને સામાજિક તેમજ સાંસ્કૃતિક માળખાના સંરક્ષણનો અધિકાર.

**આ બધું જરા વધુ પડતું ન લાગે? પહેલી વાત તો એ કે જેમના માટે આ હકો નિર્ધારિત કરવામાં આવ્યા છે એને, એટલે કે વ્હેલને આના વિશે કશી જાણ ન હોય એ સ્વાભાવિક છે**

આ બધું જરા વધુ પડતું ન લાગે? પહેલી વાત તો એ કે જેમના માટે આ હકો નિર્ધારિત કરવામાં આવ્યા છે એને, એટલે કે વ્હેલને આના વિશે કશી જાણ ન હોય એ સ્વાભાવિક છે. એ પોતે આવી કશી માગણી કરી શકે એમ નથી.એટલે આનો અમલ ન થાય તો પણ એ કશી ફરિયાદ કરવા આવવાની નથી. આમ છતાં, એટલું સમજાય છે કે આનું એક ચોક્કસ મહત્ત્વ છે. આ મહત્ત્વ કદાચ મોડે મોડે પણ સમજાયું છે ખરું. આ હકોના વ્યવહારુ અમલને સુનિશ્ચિત કરવા માટે આ ખરડામાં સંબંધિત નિર્ણયકર્તાઓ પર ચોક્કસ પ્રકારની જવાબદારીઓ લાદવામાં આવી છે. આ નિર્ણયકર્તાઓ વ્હેલ અને તેના નૈસર્ગિક પર્યાવરણની સુરક્ષા સાથે સીધા સંકળાયેલા છે. ખાસ કરીને, કોઈ યોજના કે નિર્ણયને કારણે વ્હેલના આવાસ કે તેના હિતને અસર થવાની શક્યતા હોય, ત્યારે સત્તાવાળાઓએ જાહેર હિત અને વ્હેલના હિત -બંનેને ધ્યાનમાં રાખીને વિચારવું પડે એવી જોગવાઈ કરાયેલી છે. પણ આ ખરડો આખરે તો માનવોએ તૈયાર કર્યો હોવાથી અંતિમ નિર્ણય લેવાની સત્તા નિર્ણયકર્તાઓ પાસે જ છે. આમ હોવા છતાં, તેમણે પોતાના અંતિમ નિર્ણયમાં આ અંગેના કાનૂની વિચારવિમર્શનો ઉલ્લેખ કરવો જરૂરી રખાયો છે, જેથી નિર્ણયપ્રક્રિયામાં પારદર્શિતા અને જવાબદારી જળવાઈ રહે. વાસ્તવમાં, આ માળખું વ્હેલના સંરક્ષણ માટે મજબૂત કાનૂની આધાર બની રહેશે અને માછીમારી, જળવ્યવહાર, સમુદ્રતળના ખનન તથા દરિયાકાંઠાના વિકાસ જેવી પ્રવૃત્તિઓમાં પણ વ્હેલના હકો બાબતે વિચાર કરવામાં આવે એને સુનિશ્ચિત કરશે.

આ ખરડો કાનૂન બનશે તો પેસિફિક મહાસાગરના વિસ્તારમાં વ્હેલને હક આપનારો પહેલવહેલો કાનૂન હશે. દરિયાઈ સૃષ્ટિની જાળવણીમાં તેની ભૂમિકા મહત્ત્વની બની રહેશે. કેમ કે, અનેકવિધ માનવીય ગતિવિધિઓને કારણે વ્હેલની સંખ્યામાં સતત ઘટાડો થતો રહ્યો છે. ન્યૂઝીલેન્ડની આસપાસના મહાસાગરમાં સમગ્ર વિશ્વનાં અડધોઅડધ દરિયાઈ સસ્તન પ્રાણીઓ નિવાસ કરે છે. આ સંજોગોમાં આવી કાનૂની જોગવાઈ અતિ અગત્યની બની રહે એમાં કોઈ શક નથી. જોવાનું એ રહે છે કે આ ખરડો પસાર થઈને કાનૂનમાં તબદીલ થાય છે કે કેમ.

એકાદ વરસ અગાઉ આ કટારમાં કેનેડાની મેગ્પાઈ નદીને એક જીવિત વ્યક્તિ ગણીને તેને હક પ્રદાન કરવામાં આવ્યા હોવાની વાત વિગતે લખાઈ હતી.કેનેડાની જળવિદ્યુત પરિયોજના હાઈડ્રો ક્વેબેક થકી પર્યાવરણને થયેલા નુકસાનને કારણે 2021માં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ઘોષણામાં લાબ્રાડોર-ક્વેબેક દ્વિપકલ્પના મોટા ભાગના સ્થાનિક લોકોના રક્ષણ માટેના પ્રયાસો સામેલ હતા. કેનેડામાં આ પ્રકારની ઘોષણા અને નિર્ણય પહેલવહેલી વાર કરાયા હતા, જેના થકી આ નદીની કાનૂની ઓળખ બનાવવાનો મુખ્ય હેતુ હતો. આ નિર્ણયને આનુષંગિક બીજા અનેક ઠરાવો પસાર કરાયેલા, જેને પગલે નદીને નવ કાનૂની હકો તેમજ તેના રક્ષક તરીકે સ્થાનિક લોકોને સ્થાપવામાં આવ્યા હતા.

આવી પહેલ આનંદ આપનારી છે અને મોડે મોડેય એ થઈ એ મહત્ત્વનું છે.આમ પણ માનવજાતની એ ખાસિયત રહી છે કે પહેલાં કુદરતી સંપદાનું નિકંદન કાઢવાનું અને એ પછી તેના સંવર્ધન માટે પ્રયાસ કરવાના. મોટા ભાગના કિસ્સામાં મોડું થઈ ચૂક્યું છે. એટલું આશ્વાસન કે સાવ ન જાગે એના કરતાં મોડે મોડે ક્યાંક, કોઈક જાગ્યું છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## રાત દિવસ

વિશ્વમાં જીવનવ્યવહાર ચાલતો રહે છે. ઋતુ અને વાતાવરણ અનુસાર રાતો લાંબી થાય અને દિવસો ટૂંકા બને તે આ પૃથ્વીની કુદરતી ઘટના ગણાય છે. અન્ય ગ્રહો પર અત્યંત લાંબા દિવસો પણ હોય છે. સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ જેવી ઘટનાઓ પણ સર્જાય છે. પૃથ્વી પરના કેટલાક વિસ્તારોમાં રાત અને દિવસનો ફેર હોય છે. અમેરિકાના ઉત્તરે આવેલા અલાસ્કાના શહેરમાં 84 દિવસ સુધી સૂરજ આથમતો નથી. આ અનોખી ભૌગોલિક ઘટનાને મિડનાઈટ સન અથવા પોલર ડે કહેવામાં આવે છે. પૃથ્વી પોતાની ધરી પર નમેલી હોવાને કારણે વર્ષના ચોક્કસ સમયગાળા દરમિયાન આર્કટિક સર્કલના વિસ્તારો સૂર્યની સામે રહે છે જેથી રાત પડતી નથી. ચોર્યાસી દિવસોનું આ ચક્કર છે. કેનેડા, ગ્રીનલેન્ડ, સ્વીડન જેવા દેશોમાં પણ મિડનાઈટ સનનો અનુભવ થાય છે. સૂર્ય આકાશમાં ગોળ ફરતો પણ જણાય છે. તાપમાન ખૂબ ઓછું અને ઠંડુ રહે છે. એક જ દુનિયાની એક જ પૃથ્વીની અજબ કુદરતી ઘટના ગણી શકાય.

**સુરત - યૂસુફ એમ. ગુજરાતી**

## ધોરણ 10 અને 12 પછી શું?

- સુરત શહેરની જુદી જુદી શાળાઓનાં વિદ્યાર્થીઓએ ધોરણ 10 તથા 12માં ઝળહળતી સફળતા મેળવી A1 અને A2 ગ્રેડ પ્રાપ્ત કર્યા છે. સૌને હાર્દિક અભિનંદન. ઘણાં વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે યક્ષ પ્રશ્ન એ રહે છે કે હવે પછી કયા અભ્યાસક્રમમાં આગળ વધવું જે તેમને ભવિષ્યમાં સારી કારકિર્દી બનવવા મદદરૂપ રહે. મારી દૃષ્ટિએ સરળ Optionમાં ધોરણ 10 પછી Diploma Engg કરી શકાય અથવા વધુ અભ્યાસ ન કરવો હોય તો Computer ને લગતા Course કરી શકાય. જે નોકરી મેળવવા ઉપયોગી બની શકે છે.બીજામાં BA/B.com/B. Sc. Degree મેળવી પછી B.ed, LLb, C.A. કે C.S અથવા બીજા intergrated course કરી Career બનાવી શકાય.આ અંગે વધુ માર્ગદર્શન મેળવવા કોઈક Councilorનો સંપર્ક કરી વધુ સારો નિર્ણય લઈ શકાય.

**સુરત - દીપક બી. દલાલ**

## હાઈ ટેક ગુજરાત અને દેશવિકાસનું એક પગથિયું

આઈ.પી.એલ. ની ફાઈનલ મેચ પહેલાં સોશ્યલ મીડિયામાં સમાચાર આવ્યા કે જો આજની મેચમાં વરસાદ પડશે તો પણ મેચ રમાશે એવું આયોજન અને ૩૦ મિનિટમાં મેદાન સૂકાઈ જાય એવી હાઇ ટેક તૈયારીએ ગુજરાતના સ્ટેડિયમની વિશેષતા દર્શાવી કે અન્ય મુદ્દાઓ પર પ્રશ્ન ઉઠાવ્યા? એક તરફ ગર્વની બાબત છે કે રમતગમત ક્ષેત્રે આપણે આટલી પ્રગતિ સાધીને માત્ર વ્યાવસાયિક/ નફા હેતુ સિદ્ધ કરી રહ્યા હોય એવું નરી આંખે પ્રતીત થાય છે. વાત ૩૦ મિનિટની હાઇ ટેક્નોલોજી / સુવિધાની થોડી કરીએ તો શું આવી સુવિધાની જરૂર ગુજરાતનાં વિવિધ ક્ષેત્રોમાં જ નહીં પરંતુ સમગ્ર દેશને છે. ૧.૩૦ મિનિટથી ઓછા સમયમાં પહોંચી શકાય એવી બાળકોને શાળા / કોલેજ / તાલીમી કેન્દ્રો મળે. ૨. ૩૦-૩૫ મિનિટના તાસમાં હાઈટેક શિક્ષણ મળે. ૩. ૩૦ મિનિટ કરતાં ઓછા સમયમાં કટોકટીની / તબીબી તાત્કાલિક સુવિધાનો લાભ મળે. ૪. ૩૦ મિનિટમાં સરકારી - જનસેવાના કામકાજોનું નિરાકરણ મળે. વિશ્વની સૌથી મોટી પ્રતિમા, સ્ટેડિયમ અને ભારતનો સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતું રાજ્ય ગુજરાત એ ભારતનું આર્થિક, ઔદ્યોગિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ અગ્રણી અને સમૃદ્ધ રાજ્ય છે. પરંતુ આ ગરિમાને કલંકિત કરતા કેટલાક ૩૦-૩૫ મિનિટમાં નિરાકરણ લાવી શકાય એવા પ્રશ્નોનું કાયમી સમાધાન લાવી શકે છે.

**વેસ્મા - શાહીદ જી. કુરેશી**

## મહિલા સુરક્ષા : સંસ્કાર, મૂલ્યશિક્ષણ કે કાયદાથી

નારી સન્માન અને દેશના વિકાસને અવરોધક એવી સ્ત્રી અત્યાચાર અને નારી સન્માનની સમસ્યાના બનાવો દિનપ્રતિદિન વધી રહ્યા છે એ પછી નાની બાળકી હોય કે પછી સ્ત્રી. બનાવ બાદ કડક પગલાંથી ગુનેગારને સજા આપવાની માંગ થાય છે પરંતુ કાયદાના ડરથી મહિલા સુરક્ષિત થઈ જશે ખરી? સમયનો પ્રવાહ સાક્ષી છે કે માત્ર કાયદાના કડક પાલનથી ગુનાખોરી ઓછી થઈ શકતી નથી. સાચી સુરક્ષા અને સમસ્યાનો કાયમી ઉકેલ એ કાયદાના પુસ્તકમાં નહીં. શાળા અને સમાજમાં અપાતા સંસ્કાર અને શિક્ષણમાં રહેલો છે કારણ કે વ્યક્તિના જીવનઘડતર, વિકાસ અને ચારિત્ર્યનિર્માણમાં ઘર, શાળા અને સમાજની સારી ટેવો. સ્ત્રીસુરક્ષાની શરૂઆત સ્વયંથી થવી જોઈએ એ હિતાવહ છે. શાળા-કોલેજમાં એવી પરિસ્થિતિનું નિર્માણ થવું જોઈએ કે જેથી દીકરીઓનું સન્માન કરતાં શીખે. તેથી જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિના હકારાત્મક અભિગમથી સ્ત્રી સુરક્ષામાં ઈચ્છિત પરિણામ પ્રાપ્ત થાય છે અને સમસ્યા જડમૂળથી નષ્ટ થઈ શકે છે. કાયદો ગુનો બન્યા પછી સજા આપે છે જ્યારે સારા સંસ્કાર વ્યક્તિને ગુનો કે ખોટાં કામ કરતાં પહેલાં અટકાવે છે. નવી પેઢી આંતરિક રીતે સ્ત્રી સન્માનનાં મૂલ્યોથી સજ્જ થશે ત્યારે જ સાચા અર્થમાં સુરક્ષિત અને સ્વસ્થ સમાજનું નિર્માણ થશે.

**નવસારી - વિરલકુમાર ટંડેલ**

## બેંકોમાં કેટલા રૂપિયા જમા છે એની પરિવારને જાણ છે ખરી?

આપણે બેંકોમાં લોન લેવા જઈએ તો બેંકો આપણને ઝડપથી લોન આપતી નથી. આપણા બધા ડોક્યુમેન્ટ તૈયાર હોવાં બેંકો આપણને લોન આપવામાં આનાકાની કરે છે. હવે તમને જાણીને નવાઈ લાગશે કે બેંકો હવે સામેથી તમને પૈસા આપવા ઉતાવળી બની છે. ગુજરાતની બેંકોમાં ૫૦૦૦ કરોડ રૂપિયા એવા જમા છે જેના કોઈ લેવાલ નથી. એકથી વધુ ખાતાંઓ હોય, વિવિધ બેંકોમાં વિવિધ ખાતાંઓ હોય, ઘરે ખબર ના હોય એવાં ખાતાઓ પણ હોય છે. અચાનક ખાતેદારનું મૃત્યુ થાય ત્યારે એમના કેટલી બેંકોમાં કેટલા રૂપિયા ક્યાં ક્યાં ખાતામાં જમા છે, એફ.ડી. કેટલી રકમની છે તેની કોઈને ખબર હોતી નથી. ખાતેદારનાં પત્ની અને બાળકો પૈસા હોવા છતાં પૈસા મેળવી શકતાં નથી. હજુ કેટલા રૂપિયા લોનના બેંકોમાં ભરવાના બાકી છે તે માહિતી પણ ઘરની વ્યક્તિઓને હોવી જરૂરી છે. આપણા ગયા પછી આપણા વિવિધ બેંકો લોકરોમાં પડેલા રોકડા સોના ચાંદી શેર સર્ટીફીકેટો આપણાં પરિવારો સુધી પહોંચે એવી વ્યવસ્થા કરવી આજના જમાનામાં ખૂબ જરૂરી છે, જેથી આપણાં માતાપિતા, પત્ની કે બાળકોને આપણા ગયા પછી કોઈની પાસે હાથ લાંબો ના કરવો પડે. કોઈની પાસે ઉધાર કે ઉછીના પૈસા લેવા ના પડે.

**સુરત - અબ્બાસભાઈ કૌકાવાલા**

## તૂટતો બ્રીજ કે પત્તાનો મહેલ

બ્રીજ તૂટવાની ઘટના આપણા માટે કોઈ નવી નથી લાગતી. આપણે સૌ એનાથી ટેવાઈ ગયા છીએ પણ વિચાર આવે છે કે બ્રીજ એવો તે કેવો બંધાય છે કે ત્રીવ હવાને કારણે ધારાશાયી થઈ જાય. એ તો બ્રીજ છે કોઈ પત્તાનો મહેલ નથી કે હવાથી તૂટી પડે.

પુરેપુરી નિષ્ઠા, નીતિ અને ઈમાનદારીથી કામ કરવામાં આવે તો આવુ પરિણામ આવી જ ન શકે. આજે આપણી નજર સમક્ષ એવા પણ બ્રીજ છે જે અંગ્રેજોએ બાંધ્યા હતા અને તે આજે પણ અડીખમ ઉભા છે. એનો એક કાંગરો પણ ખર્યો નથી. બ્રીજ તૂટે છે અને તેમાં કેટલીય માસૂમ જિંદગી હોમાય છે સરકાર તો આવી દુઘર્ટના સર્જાય એટલે મૃતકના પરિવારને પાંચ લાખ રૂા. આપવાના દાવા કરે છે અને ઈજાગ્રસ્તોને 50000 રૂા. આપવાના નિર્ણય લે છે પણ શું આ પૈસાથી જેમણ પોતાના સ્વજન ઘટના મોભી ગુમાવ્યા હોય તે પાછા મેળી શકશે ખરા? આવી દુઘર્ટના વારંવાર ન ઘટે તે માટે નક્કર પગલાં લેવાવા જોઈએ.

**સુરત - શીલા સુભાષ ભટ્ટ**